તૃપ્તિ પારેખ


# સુરપાણેશ્વર અભયારણ્યનો કિસ્સો

## જંગલ અને આદિવાસીઓના જીવનનો નાશ કોણ કરી રહ્યું છે ?

**ન**ર્મદા જિલ્લાના દેડિયાપાડા અને રાજપીપળા તાલુકાનાં ૧૦૦ ગામોના ૬૧,૦૦૦ હેક્ટર વિસ્તારને ત્રણ તબક્કામાં થઈને ૧૯૮૯માં સુરપાણેશ્વરને અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો. અભયારણ્ય જાહેર થયા પછી પેઢીઓથી આ વિસ્તારમાં રહેતા આશરે ૪૦૦૦૦ આદિવાસીઓના પ્રણાલીગત હક્કો, હિતો પર ધીમે ધીમે પ્રતિબંધો આવવા લાગ્યા. ગામોમાં રસ્તા કે વીજળી જેવાં વિકાસનાં કામો પર રોક લાગી ગયો. એટલું જ નહીં, જમીન અને જંગલના વિકાસ માટેની જળસ્રાવ વિસ્તાર વિકાસ કે સહભાગી વન વ્યવસ્થા જેવી યોજનાઓ અમલી બનવા સામે ફરમાન જારી થયું. લોકો ૧૯૮૦ પહેલાંથી, એટલે કે અભયારણ્ય જાહેર થયું, તે પહેલાંથી જમીનો ખેડતા આવેલા છે. દેશભરમાં અને ગુજરાતમાં ૧૯૮૦ પહેલાંનાં આવાં ખેડાણો નામે કરવાની નીતિ છે, જેનો ફક્ત આ ગામોમાં અમલ કરવાનો કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયે ઇન્કાર કર્યો છે. આ પગલું આદિવાસીઓના બંધારણે બક્ષેલા પાયાના અધિકારોનો ખુલ્લેઆમ ભંગ કરે છે. ગયા વર્ષથી તો બીજી સતામણી શરૂ થઈ છે. વર્ષે દહાડે દરેક કુટુંબને આશરે રૂ. ૫૦૦/-થી ૧૫૦૦/ની આવક રળી આપતા ટીમરૂ પાનના વેચાણ પર પ્રતિબંધ મુકાઈ ગયો છે.

આમ, અભયારણ્યમાં આદિવાસીઓના આવકના સ્રોત એક પછી એક બંધ થઈ રહ્યા છે અને એમના જીવન પર મોટો ખતરો ઊભો થઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ રાજ્યતંત્રે પોતે જ અભયારણ્યમાં જંગલ નાશની જે પ્રવૃત્તિ આદરી છે, તે આ લેખનું અલબત્ત મુખ્ય પ્રયોજન છે.

૧૯૬૦માં ગુજરાત સરકાર અને સોનગઢ સ્થિત સેન્ટ્રલ પલ્પ મિલ વચ્ચે એક લીઝ કરાર થયેલો, જે મુજબ ડાંગ, વ્યારા, સુરત વિસ્તારો તથા રાજપીપળા વન વિભાગ હસ્તકના વિસ્તારોમાંથી પ્રત્યેક વર્ષે નહીવત્ રોયલ્ટી ચૂકવીને સને ૨૦૦૦ની સાલ સુધી, એટલે કે ૪૦ વર્ષ સુધી, લાખો ટન વાંસ કાપી લઈ જવાનો પરવાનો પેપર મિલને આપવામાં આવ્યો. બનવાજોગ અભયારણ્ય તરીકે જાહેર કરેલો વિસ્તાર લીઝ હેઠળના વિસ્તારના ભાગરૂપ છે. અભયારણ્ય જાહેર થયું ત્યારે સેન્ટ્રલ પલ્પ મિલ ૧૯૮૬ થી ફડચામાં ગઈ હોવાથી વાંસ કટાઈનું કામ ઠપ્પ હતું. ૧૯૯૧માં જે. કે. પેપર મિલે જૂની મિલને ખરીદી લીધી અને કારોબાર હાથમાં લીધો. સરકારે લીઝ મુજબ વાર્ષિક પરવાનગી આપવાનું ચાલુ કર્યું અને ફરીથી હજારો ટન વાંસ કપાવા શરૂ થયા. એ સમયે આ વિસ્તાર અભયારણ્ય બની ચૂક્યો હતો.



'આદિવાસી ભાઈઓનો સંઘર્ષ' - પેપર મિલો દ્વારા થતા વાંસના ખાત્મા સામે.

જ્યારે સ્થાનિક આદિવાસીઓના પાયાના હક્કો અભયારણ્યના નામે છીનવી લેવામાં આવી રહ્યા હતા, ત્યારે પણ જે.કે.પેપર મિલને હજારો ટન વાંસ કાપવાનો પરવાનો આપવાનું ચાલુ રહ્યું. વાંસ વહી જવા માટે ઊંડાણનાં જંગલોમાં ઝાડો કાપીને પણ અનેક આંતરિક રસ્તાઓ કરવાની મંજૂરી વર્ષોવર્ષ અપાતી રહી. ૨૦૦૦માં લીઝ ખતમ થતી હતી તેથી મિલે આડેધડ વાંસ કાપવા શરૂ કર્યા. લોકોનો અનુભવ હતો કે સુરત-વ્યારાના જે વિસ્તારોમાં મિલે ભૂતકાળમાં વાંસ કાપેલા, તે વિસ્તારો તદ્દન બોડા બની ગયા હતા. સુરપાણેશ્વર અભયારણ્યનાં ગામોમાં માંડ માંડ બચેલા વાંસનો ખુડદો બોલી જશે, આવતી પેઢી માટે વાંસ જોવાયે નહીં મળે એવી લોકોને મોટી દહેશત હતી. આદિવાસીઓએ વાંસ વહી જવા સામે મોટો વિરોધ કર્યો. વાંસ લઈ જતી ટ્રકો રોકી. 'આર્ચ' અને આદિવાસી પ્રતિનિધિઓએ મળીને ગુજરાત હાઈકોર્ટમાં લીઝ કરાર અને વાર્ષિક પરવાનગીની કાયદેસરતા પડકારી.

૧૯૯૫માં ગુજરાત હાઈકોર્ટના એક ન્યાયાધીશે વાંસકટાઈ પ્રકરણ અંગે સીબીઆઈને તપાસ સોંપી. સીબીઆઈએ તપાસ બાદ સરકારના અને મિલના અનેક અધિકારીઓને દોષિત ઠેરવ્યા અને તેમની સામે હાઈકોર્ટમાં ફરિયાદ નોંધાવી. અલબત્ત, સખેદ નોંધ લેવી રહી કે હાઈકોર્ટે સીબીઆઈ તપાસના અહેવાલને ફક્ત ટેકનિકલ કારણોસર ફગાવી દીધો. 'વર્ષો વર્ષ ટનબંધ વાંસ કાપવાથી વન્ય પ્રાણીઓને ફાયદો થઈ રહ્યો છે' એવી સરકારની દલીલને કોર્ટે જાણે કે સ્વીકારી લીધી. છેવટે, સરકારે એક પાનાની એફીડેવીટ કરી કે અભયારણ્ય વિસ્તારમાં મિલને પ્રવેશવા દેવામાં આવશે નહીં અને સરકાર ખાતાકીય રાહે વાંસ કાપશે. કોર્ટે આ એફીડેવીટ માન્ય રાખી. કોર્ટે એ પણ દલીલ કરી કે આમ પણ ૨૦૦૦ની સાલમાં તો કરારનો અંત આવે છે, તેથી બે વર્ષનો જ સવાલ છે, તેથી કાયદાકીય અને અન્ય પાયાના મુદ્દાઓના ઊંડાણમાં પણ ગયા વગર ૧૯૯૮માં કેસ કાઢી નાખ્યો. અલબત્ત, ટનબંધ વાંસ કપાતા રહ્યા અને મિલને પૂરતી માત્રામાં વાંસ મળતા રહ્યા.

જે વન્ય પ્રાણી અધિનિયમ અને વન સંરક્ષણ અધિનિયમનો હવાલો આપીને રાજ્યતંત્ર આદિવાસીઓના આર્થિક તથા નાગરિક હક્કો ઝૂંટવી રહ્યું હતું, એ જ રાજ્યતંત્રે એ જ કાયદાઓને નેવે મૂકીને વગદાર પેપર મિલને અભયારણ્યમાંથી વાંસનો ખુડદો બોલાવવાની છૂટ આપી. જે લીઝનો હવાલો આપતા હતા, એ લીઝ ૨૦૦૦ની સાલમાં પૂરી થઈ ગઈ, તે ફરીથી ૧૦ વર્ષ માટે લંબાવી. કાયદાની ઐસી તૈસી કરી. એટલું જ નહીં, વધુ ચોંકાવનારું અને અણધાર્યું તો એ હતું કે રાજ્ય સરકારે નામદાર સર્વોચ્ચ અદાલતે 'વન કેસ' તરીકે જાણીતા અન્ય કેસમાં ફેબ્રુઆરી ૨૦૦૦માં આપેલા

સ્પષ્ટ આદેશનું ઉલ્લંઘન કરીને અદાલતનો અનાદર કર્યો.

તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ નામદાર સર્વોચ્ચ અદાલતે દરેક રાજ્ય સરકારને વન ઉદ્યાનો કે અભયારણ્યોમાંથી મૃત, રોગીષ્ટ, મૃતપાય કે પવનથી નીચે પડેલ લાકડું કે ઘાસ વગેરે હટાવવા સામે પ્રતિબંધ ફરમાવ્યો. આ આદેશ ગુજરાત સરકારના સર્વોચ્ચ અદાલતના વકીલ તરત જ રાજ્યના વન વિભાગના ધ્યાન પર લાવેલા. તેથી અગ્ર મુખ્ય વન સંરક્ષકે નામદાર સર્વોચ્ચ અદાલતના હુકમો અને સૂચનાઓનું કડક પાલન કરવાની સૂચના આપતો પત્ર દરેક સંબંધિત અધિકારીને તા. ૨૫/૨/૨૦૦૦ના મોકલ્યો. આ પત્ર તત્કાલીન મુખ્ય વન સંરક્ષક (વન્ય પ્રાણી) અને ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી જી. એ. પટેલને સંબોધાયેલો હતો. એપ્રિલ ૨૦૦૦માં આ જ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડને સર્વોચ્ચ અદાલતમાં અત્યંત સંદિગ્ધ એફિડેવીટ કર્યું કે ગુજરાત સરકાર દ્વારા ફેબ્રુઆરી ૨૦૦૦ના હુકમોનું પૂર્ણપણે પાલન થઈ રહ્યું છે. તા. ૧૨/૧૨/'૯૬માં સર્વોચ્ચ અદાલતે આપેલા અન્ય હુકમ અનુસાર વાંસ અને ગૌણ વન પેદાશો રાજ્યના ૬ અભયારણ્યમાંથી લઈ જવાનું ચાલી રહ્યું છે !

આ બધા બનાવોના અરસામાં નવેમ્બર ૨૦૦૦માં લીઝ કરારની અવધિ પૂરી થઈ. પણ કહાણીનો અંત ના આવ્યો. નવેમ્બર ૨૦૦૦માં સરકારે કરાર એક વર્ષ માટે લંબાવ્યો અને જાન્યુઆરી ૨૦૦૧માં બીજા ૧૦ વર્ષ માટે લંબાવ્યો. વાંસકટાઈ એકધારી અને વિક્ષેપ વગર ચાલુ રહી. જેથી, આર્ચે એપ્રિલ ૨૦૦૧માં ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરી અને ગુજરાત સરકારના આ નિર્ણયની કાયદેસરતા પડકારી. ગુજરાત સરકારે મે ૨૦૦૧માં કોર્ટમાં એફીડેવીટ કરી, જેમાં સર્વોચ્ચ અદાલતમાં વાઇલ્ડ લાઈફ વોર્ડને કરેલી અત્યંત સંદિગ્ધ એફિડેવીટનો હવાલો આપ્યો અને દાવો કર્યો કે સર્વોચ્ચ અદાલતે પણ ગુજરાત સરકારના આ વલણને સવીકાર્યું છે અને અભયારણ્ય વિસ્તારમાંથી વાંસ લઈ જવા સામે ફરીથી કોઈ સૂચના આપી નથી.

શરૂઆતમાં કોર્ટ આ પીટીશન સાંભળી લેવાની જાણે કે ખૂબ ઉતાવળમાં હતી. સુનાવણીની એક પછી એક ઝડપથી તારીખો પડવા માંડી. તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ આર્ચ પીટીશનના પ્રતિવાદી કેન્દ્ર સરકારે કોર્ટમાં એફીડેવીટ કર્યું. એ સ્પષ્ટ જણાવે છે કે : "નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના ૧૪/૨/૨૦૦૦ અને ૨૮/૨/૨૦૦૦ના હુકમોથી વન ઉદ્યાનો અને અભયારણ્યોમાંથી ઘાસ સહિતનાં મૃત કે મૃતપાય વક્ષોના હટાવવા સામે વિશેષ પ્રતિબંધ મૂક્યો છે. જેથી હું સ્વીકારું છું કે હટાવવાની આવી કોઈપણ કામગીરી શરૂ કરતા પહેલાં રાજ્ય સરકારે નામદાર સર્વોચ્ચ અદાલત પાસે દરેક કેસની વિશિષ્ટ હકીકતને ધ્યાનમાં લઈને પોતાની તરફેણમાં છૂટ માગવી જોઈએ અને ત્યાં સુધી વન ઉદ્યાનો કે અભયારણ્યોમાંથી વાંસની કટાઈ કે વહનની પરવાનગી ન મળે. વળી હું જરૂર સ્વીકારું છું કે આ નામદાર કોર્ટ સામે જ લીઝનો સવાલ ઊભો થયો છે, તે લીઝ રાજ્ય સરકારે પ્રતિવાદી નં. ૪ (કેન્દ્ર સરકારને) જાણ કર્યા વગર આપી છે. હું અલબત્ત સ્પષ્ટ કરું છું કે અભયારણ્યમાંથી વાંસકટાઈને વન્યજીવના વ્યવસ્થાપનના હિત માટેની પ્રવૃત્તિ ગણી શકાય નહીં."

હાઈકોર્ટમાં ઝડપથી પડતી તારીખોનો દોર અચાનક અટકી ગયો અને ત્યાર બાદ આજ દિન સુધી કેસ અંતિમ સુનાવણી માટે અંકિત થયો નથી કે નથી ગુજરાત સરકાર કે ભૂલ કરનાર અધિકારીઓની કોઈ આલોચના કરવામાં આવી, કે નથી અભયારણ્યને લાગતો વળગતો લીઝ કરાર રદ કરવામાં આવ્યો.

આમ, સરકારના આ કાર્યો વન્ય પ્રાણી અધિનિયમ અને વન અધિનિયમથી વિપરીત છે. એટલું જ નહીં, નામદાર કાર્યોની વિગતો તત્કાલીન અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ "સુરપાણેશ્વર વન્ય પ્રાણી અભયારણ્યમાંથી વાંસ કટાઈ અંગેની જાહેર હિતની યાચિકા પર એક નોંધ" નામના પોતાના અહેવાલમાં આપી છે. એ અહેવાલ સુરપાણેશ્વર અભયારણ્યમાંથી વાંસ કટાઈ અને વહનની કાર્યવાહી, પરવાનગી અને લીઝ કરાર અંગે આચરાયેલી તમામ ગેરકાયદેસર કાર્યવાહીને બહાર લાવે છે.

૨૦૦૩ની શરૂઆતમાં અમારી જાણમાં આવ્યું કે નામદાર સર્વોચ્ચ અદાલતે આગળ દર્શાવેલા 'વન કેસ'ની સુનાવણી દરમ્યાન કેન્દ્રીય સશક્ત સમિતિ (Central Empowered Committee)ની રચના કરી છે, જે સર્વોચ્ચ અદાલતના આદેશોનું પાલન થઈ રહ્યું છે કે નહિ તે તપાસે છે. આર્ચે ગુજરાત સરકાર દ્વારા થઈ રહેલા સર્વોચ્ચ અદાલતના આદેશના અનાદર તરફ ધ્યાન દોરતી અરજી આ સમિતિ સમક્ષ કરી. સમિતિએ આ અરજી પરની દલીલો સાંભળીને તા. ૨૧/૧૦/૨૦૦૩ના રોજ ગુજરાત સરકારને કોઈપણ અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી વન પેદાશોનો લઈ જવા સામે પ્રતિબંધ ફરમાવ્યો છે. સુરપાણેશ્વર અભયારણ્યમાંથી વાંસ કાપવા અને વહી જવા પર તાકીદનો મનાઈ હુકમ ફરમાવ્યો છે. સાથે જ ગુજરાત સરકારને સ્પષ્ટ જણાવ્યું છે કે આ હુકમનું પાલન નહીં કરવામાં આવે તો એ અદાલતનો અનાદર ગણાશે અને એ સામે કડક પગલાં લેવામાં આવશે.

કેન્દ્રીય સમિતિએ સુરપાણેશ્વર અભયારણ્યમાંથી વાંસકટાઈ પર તાકીદનો સ્પષ્ટ પ્રતિબંધ મૂકી દીધો એ ખૂબ સારા સમાચાર છે. પરંતુ, સમિતિએ આર્ચની અરજીમાં ઉઠાવેલ પાયાના કાયદાકીય મુદ્દાઓને નજરઅંદાજ કર્યા છે અને ભ્રષ્ટાચારને લીધે બોલેલા વાંસના ખુડદા અને લોકોના જીવન સામે ઊભા થયેલા મોટા ખતરા સામે આંખ આડા કાન કર્યા છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો સ્પષ્ટ હુકમ હોવા છતાં મિલ સાથેનો લીઝ કરાર બીજાં ૧૦ વર્ષ લંબાવીને ગુજરાત સરકારે નામદાર સર્વોચ્ચ અદાલતનો અનાદર કર્યો છે, અને વન્ય પ્રાણી અધિનિયમનો ભંગ કર્યો છે. તેથી આ લીઝ કરાર રદ કરો અને જે તે જવાબદાર અધિકારીઓને 'અદાલતના અનાદર'ના ગુના હેઠળ કસૂરવાર ઠેરવો –એ આર્ચની સમિતિ સામેની મુખ્ય રજૂઆતો હતી. જે અંગે સમિતિએ સંતોષજનક નિર્ણય લીધા નથી એવું અમને લાગે છે.

કાયદાના ભ્રામક આવરણ નીચે અભયારણ્યમાં 'વન્ય પ્રાણી જાળવણી'નું નાટક ચાલ્યા કરે છે, ત્યારે એક દાયકાથી પણ વધુ સમય સુધી અમુક સ્થાપિત હિતો દ્વારા વાંસનો વિનાશ ચાલ્યા કર્યો અને બીજી બાજુ એ વિસ્તારમાં પેઢીઓથી રહેતા આદિવાસીઓના લગભગ તમામ પ્રણાલિગત અધિકારો પર ગળાટુંપો દઈ દેવામાં આવ્યો. પોતાની જ ભૂમિ પર આદિવાસીઓ બીજા વર્ગના નાગરિકો બની ગયા છે, જ્યારે વન્ય પ્રાણીઓને વધુ મહત્તા અને પ્રતિષ્ઠા આપવામાં આવ્યા છે. આખો વિસ્તાર હંમેશની જેમ અણવિકસિત રહ્યો છે અને આદિવાસીઓને જંગલથી

વધુ વિમુખ કરવાથી અભયારણ્ય વધુ વૃક્ષરહિત બનતું જાય છે.

દુનિયાભરમાં એક પદાર્થપાઠ સમજાઈ રહ્યો છે કે સ્થાનિક લોકોને સંસાધનોના માલિકી હક્ક આપવાથી અને એના વ્યવસ્થાપનના ભાગીદાર બનાવવાથી સંસાધનોનો વિકાસ થાય છે. અહીં રાજ્યે અને તેની સંસ્થાઓએ આ પદાર્થપાઠ અવગણ્યા છે અને રાજ્યે ભવિષ્યના કે સ્થાનિક આદિવાસીઓના આર્થિક અને સામાજિક કલ્યાણને બાજુ પર મૂકીને સંસાધનોના વિનાશનો માર્ગ લીધો છે.

વન્ય પ્રાણી અધિનિયમ અંતર્ગત રાજ્યને અપાયેલી વ્યાપક સત્તાનો કેટલો દુરુપયોગ થઈ શકે છે તેનો આ કિસ્સો છે. વન્ય જીવોના રક્ષણને બદલે તેઓ બળૂકી પેપર મિલ સાથે સાંઠગાંઠ કરીને વર્તે છે. પબ્લિક ચોઈસ થીયરી બહુ સારી રીતે સમજાવે છે કે સરકારી નોકરો પણ સામાન્ય મનુષ્યની જેમ સ્વહિત માટે જ વર્તે છે. સંસાધનોનું સારું વ્યવસ્થાપન કરવાથી નથી એમને કોઈ શિરપાવ મળતો કે એનું કુવ્યવસ્થાપન કે બગાડ કરવાથી એમને નથી કોઈ શિક્ષા થતી. સ્વાભાવિક છે કે સંસાધનોની જાળવણીમાં કોઈ અંગત હિતો ધરાવતા ન હોવાથી તેઓ બિનકાર્યક્ષમ તરીકાથી સંસાધનોનો બગાડ જ કરે. આ જ સૌથી મોટું કારણ છે પર્યાવરણીય કટોકટીનું અને આદિવાસીઓની ગરીબીનું.

રાજ્યે આચરેલી ગેરકાયદેસરતા અને ગેરબંધારણીયતાને તપાસવાનો અને ન્યાય કરવાનો સવાલ આવ્યો ત્યારે રાજ્યની વડી અદાલત કેવા આંખ આડા કાન કરે છે તેનો આ કિસ્સો છે.

દેશની સર્વોચ્ચ અદાલતે પોતાના હુકમોનું બરાબર પાલન થાય છે કે નહીં તે તરફ નિગરાની રાખવા માટે રચેલી સમિતિ પોતાની ફરજ બજાવવામાં ઊણી ઊતરે છે તેનો આ કિસ્સો છે. અને વધુ તાજ્જુબની વાત તો એ છે કે સમિતિ વનમંત્રાલયના અધિકારીઓની અને જાણીતા પર્યાવરણ-વાદીઓની બનેલી છે અને કેસ અભયારણ્યના વિનાશનો છે. આ તબક્કે સમિતિએ આદિવાસીઓના જંગલ જમીન 'દબાણ'ના પ્રશ્નને જે રીતે જોયો છે એની સાથે પણ સરખાવવા જેવું છે. વન વિભાગ અને રાજ્ય માટે તો જેટલું કહીએ એટલું ઓછું.

આર્ચ-વાહિની, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ, ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ, વડોદરા-૩૯૦૦૦૨. ફોન : ૦૨૬૫-૨૭૮૨૦૫૩